ADFACTORS PR
Knowledge-driven communications

| Published Date: | 2 Aug 2018 | Publication: | Divya Gujarat (Gujarati) |
|---|---|---|---|
| Edition: | Ahmedabad | Page No: | 3 |
| MAV/CCM: | 6098.4/7.26 | Circulation: | 20500 |

# TCS IT વિઝ ૨૦૧૮ની અમદાવાદ એડિશન ૧૦ ઓગસ્ટે યોજાશે

અગ્રણી આઈટી સર્વિસીસ, કન્સલ્ટિંગ અને બિઝનેસ સોલ્યુશન કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ (TCS)એ આજે જાહેરાત કરી હતી કે, શાળાઓ માટે ભારતની સૌથી મોટી ટેકનોલોજી ક્વિઝ TCS IT વિઝ ૨૦૧૮ની અમદાવાદ એડિશન અમદાવાદમાં ૧૦ ઓગસ્ટને શુક્રવારે પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઓડિટોરિયમ, રાજપથ ક્લબની પાછળ, એસ. જી. હાઈવે, અમદાવાદ ખાતે યોજાશે. આ ક્વિઝમાં ધોરણ ૮થી ધોરણ ૧૨માં અભ્યાસ કરતાં શાળાનાં વિદ્યાર્થીઓ ભાગ-લઈ શકે છે. દરેક સંસ્થા મહત્તમ ૮ ટીમ મોકલી શકે છે અને દરેક ટીમમાં બે બાળકો સામેલ હોય છે. ક્વિઝમાં ભાગ લેવાની કોઈ એન્ટ્રી ફી નથી. TCS IT વિઝ ૨૦૧૮ ભારતમાં કુલ ૧૨ શહેરો —અમદાવાદ, બેંગલોર, ભુવનેશ્વર, ચેન્નાઈ, દિલ્હી, હૈદરાબાદ, ઈન્દોર, કોચી, કોલકાતા, મુંબઈ, નાગપુર અને પૂણેમાં યોજાશે.

એન્ટ્રી સંબંધિત સંસ્થા મારફતે ૩ ઓગસ્ટ, ૨૦૧૮નાં શુક્રવાર સુધી કે એ અગાઉ ક્વિઝ કોઓર્ડિનેટર, TCS IT વિઝ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ગરિમા પાર્ક, પ્લોટ નંબર ૪૧, જીએચઓ સર્કલ નજીક, ગાંધીનગર – ૩૮૨૦૦૭ને મોકલવાની રહેશે. વધારે વિગત મેળવવા માટે સંપર્ક કરો: ૦૭૯ ૬૬૭૧૨૬૦૫ /૩૦૯૬. તમે ઓનલાઈન પણ રજિસ્ટર કરી શકો છો: www.tcsitwiz.com.

1/1